# ખેડબ્રહ્મા ખાતે આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસની ઉજવણી

## પ્રકૃતિના સંરક્ષણ અને સંવર્ધન કરવાનું કામ આદિજાતિના લોકો કરી રહ્યા છે

બાયડ તા.૯

અરવલ્લીની ગિરીકંદારઓ વચ્ચે દૈદિપ્યમાન સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતે મહિલા-બાળ કલ્યાણ અને શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેની ઉપસ્થિતિમાં વિશ્વ આદિવાસી દિનની ઉજવણી કરવામાં આવી હતી.

આદિવાસી સમાજના ભવ્ય ઈતિહાસ અને ગૌરવવંતી સંસ્કૃતિમાંથી પ્રેરણા લઈ તેની ઉજ્જવળ પરંપરા અને અસ્મિતાને ટકાવી રાખવાના પ્રયત્નના ભાગ સ્વરૂપે પ્રતિવર્ષ ૯ ઓગષ્ટના દિવસને વિશ્વ આદિવાસી દિવસ તરીકે સંયુકત રાષ્ટ્રો દ્વારા જાહેર કરાયો છે. જે અંતર્ગત ખેડબ્રહ્માની આટર્સ અને કોર્મસ કોલેજ ખાતે યોજાયે આંતરારાષ્ટ્રીય આદિવાસી દિનની મહત્તા ઉજાગર કરતા મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેએ જણાવ્યું હતું કે, આઝાદીના સંગ્રામમાં આદિવાસી લોકોનો મોટો ફાળો રહ્યો છે. તેમણે આદિવાસી સંસ્કૃતિને બહુ જ પુરાણી ગણાવતા ઉમેર્યુ હતું કે, પ્રકૃતિના સંરક્ષણ અને સંવર્ધન કરવાનું કામ આદિજાતિના લોકો કરી રહ્યા છે. રાજય સરકારના પાંચ વર્ષ પૂર્ણ






થતાં સરકારે સેવાયજ્ઞ આદરીને લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ ઘર આંગણે પંહોચાડવામાં આવી રહ્યો છે. જેમ નગરાત્રિના નવ દિવસ માતાની આરાધના કરીએ છીએ તેમ સરકાર સતત નવ દિવસ પ્રજાના સેવાકાર્યો કર્યા છે. જેમ દસમા દિવસે રાવણનું દહન કરાય છે. તેમ દશમા દિવસે અત્યાર સુધી આદિવાસી લોકોને યોજના અને લાભોથી વંચિત રાખનાર અનિષ્ટ તત્વોને દૂર કરવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો. આદિજાતિ લોકોના સંવાર્ગી વિકાસ માટે થયેલા કામોની રૂપરેખા આપતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આદિજાતિ લોકો માટે વર્ષ ૨૦૦૭માં વનબંધુ કલ્યાણની શરૂઆત કરી તેમણે સમાજના આગલી હરોળમાં લાવવાનું કામ કર્યુ છે. તે પરંપરાને આગળ વધારી રાજયની આ સરકારે છેલ્લા પાંચ વર્ષમાં એક લાખ કરોડની યોજના અમલમાં મુકી છે. જેના થકી રાજ્યમાં વસવાટ કરતા ૯૦ લાખ આદિજાતિ બાંધવોને સામુદાયિક વિશિષ્ટ લાભ અપાશે.

વધુમાં તેમણે ઉમેર્યુ હતું કે અગાઉ મેડિકલના ઉચ્ચ અભ્યાસ માટે એક હજાર જેટલી જૂજ બેઠકો હતી. તેની સામે આજે વધારીને ૪૫૦૦ જેટલી મેડીકલ બેઠકો થઈ છે આગામી સમયમાં પાંચ નવિન મેડિકલ કોલેજ બનાવાશે જેના થકી આદિવાસી બાળકો તબીબી જ્ઞાન લેવુ સરળ બનશે. તો વળી ઉચ્ચ શિક્ષણ તેમજ સ્પર્ધાત્મક પરીક્ષા વિનામૂલ્યે કોચિંગ પુરૂ પાડવામાં આવે છે. તો બાળકોને શહેરમાં અભ્યાસ માટે રહેણાંકની મુશ્કેલી ઉભી ન થાય તે માટે સમરસ છાત્રાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે. જયારે વિદેશ અભ્યાસ માટે નજીવા વ્યાજ દરે લોન આપીને તેમના ઉજ્જવળ કારકિર્દીનું નિર્માણ કર્યુ છે.

આદિવાસી સમાજના સંસ્કૃતિને ઉજાગર કરતા અને શહિદવીરોને સાચી શ્રધ્ધાજંલિ આપવા રૂ. ૧૦૦ કરોડના ખર્ચે આદિવાસી મ્યુઝીયમનું નિર્માણ કરવા જઈ રહ્યા છે તો રાજ્યની આ સરકાર રૂ. ૩૪૧ કરોડના ખર્ચે બિરસામુંડા ટ્રાયબલ યુનિવર્સિટીનું નિર્માણ આગામી સમયમાં થશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. આ પ્રસંગે વિવિધ ક્ષેત્રોમાં પ્રતિભા ધરાવતા આદિવાસી યુવાનોનું સન્માન, આદિવાસી સમાજના પ્રગતિશીલ ખેડૂતોનું બહુમાન તેમજ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સહાય વિતરણ કરાયું હતું. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ મહાદેવ દર્શન કરી શુભાશિષની અર્ચના કરી હતી. આંતરાષ્ટ્રીય આદિવાસી દિનની ઉજવણી પ્રસંગે જિલ્લા સમાહર્તા શ્રી હિતેષ કોયા, તાલુકા પંચાયત પ્રમુખ-ઉપપ્રમુખ સહિત અગ્રણી શ્રી ભોજાભાઈ મકવાણા તેમજ મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી



હીરેન ભરતભાઈ ઉપાધ્યાય (વિવેકાનંદ સોસાયટી) બાયડ, જિ.અરવલ્લી



હિમાશુ (આઝાદ) ચૌધરી ધનસુરા, જિ.અરવલ્લી



નરેશભાઈ પટેલ (નિવૃત્ત પી.એસ., સાબરકાંઠા કલેક્ટર) હિંમતનગર, જિ.સાબરકાંઠા



હર્ષ ગોસ્વામી ઘડુશીયામઠ

### ૨૮મી તારીખે યોજાશે ચૂંટણી

# ઈડર નાગરિક સહકારી બેંકનો ચૂંટણી જંગ: ૧૩ બેઠક માટે ૪૦ મુરતિયા મેદાનમાં




ઈડર તા. ૯

ઈડર ની પ્રતિષ્ઠિત નાગરિક સહકારી બેક્ક ના ૧૩ ડિરેક્ટર ની યોજાનાર સામાન્ય ચૂંટણી માં ૪૦ ઉમેદવારો એ પોતાની ઉમેદવારી નોંધાવી છે,જે આજે ચૂંટણી કાર્યક્રમ માં ફોર્મ ચકાસણી સમયે તમામ ૪૦ ઉમેદવારો ના ફોર્મ માન્ય રાખવામાં આવ્યા છે.

આગામી ૨૮મી તારીખે યોજાનાર નાગરિક સહકારી બેક્ક ની સામાન્ય ચૂંટણી માં ૪૦ ઉમેદવારોએ ઝંપલાવતા આજે ફોર્મ ચકાસણીના અંતે તમામ ઉમેદવારોના ફોર્મ માન્ય રહેતા આગમની તા.૧૧ મીને બુધવારના દિવસે ફોર્મ પરત ખેંચવા ના હોઈ ચિત્ર સ્પષ્ટ થશે,પરંતુ ચૂંટણી ને લાઈને ઈડરના સ્થાનિક રાજકારણ માં ગરમાવો આવ્યો છે, એકબાજુ જુના જોગીઓ મેદાને છે તો બીજી બાજુ યુવા ઉમેદવારો પણ મતદારોમાં ભારે આકર્ષણ જગાવ્યું છે.ત્યારે ઈડર નાગરિક બેક્ક જાગૃત મતદારો પર કોનું પ્રભુત્વ કામ કરે છે,તે ચૂંટણી પરિણામ પછીજ નક્કી થશે.ત્યારે બેક્ક ની ચૂંટણી બિન હરીફ થાય તેમ ઈડર ની પ્રજા ઈચ્છી રહી છે.

# ઈડર તાલુકાના ૨૭ કડવા પાટીદાર સમાજ ના પ્રમુખ તરીકે વરણી કરાઈ

ઈડર .તા.૯

ઈડર તાલુકાના પચ્ચીમ વિસ્તાર ના ૨૭ કડવા પાટીદાર સમાજ ના પ્રમુખ તરીકે કમાલપૂર ના વતની અને સતત સક્રિય રહી સમાજ માટે હંમેશા તન-મન થી તૈયાર રહેતા એવા ઘી સાબરકાંઠા જિલ્લા સહકારી દિવેલા તેલીબિયાં ઉત્પાદક સંઘ મોહનપુરા તથા ઈડર તાલુકા સહકારી જીન, ફળ અને શાકભાજી ઉત્પાદક જિલ્લા સહકારી સંઘના ડીરેક્ટર તથા કમાલપુર હાઈસ્કૂલ ના પ્રમુખ જસુભાઈ પટેલની ૨૭ કડવા પાટીદાર સમાજના પ્રમુખ તરીકે વરણી થતા ઈડર તાલુકા ખેતી બેક્કના ચેરમેન ફલજીભાઈ પટેલ, જિલ્લા દિવેલા સંઘના ચેરમેન અશોકભાઈ પટેલ, રાજ્ય ફળ અને શાકભાજી ફેડરેશન ના ચેરમેન સતિષભાઈ



પટેલ,સહકારી જિન ના ચેરમેન પ્રકાશ ભાઈ પટેલ,વાઈસ ચેરમેન જેશીંગભાઈ જાગીરદાર, ડિરેક્ટર નાથાભાઈ, સહકારી જિન અને ઈડર તાલુકા ફળ અને શાકભાજીના ડિરેક્ટર અને રૂવચ દૂધ મંડળી ના ચેરમેન લલિત પટેલ, હીરાભાઈ પટેલ કાનપુર વગેરે મિત્રો ધ્વરા શાલ અને ફુલહાર દ્વારા જસુભાઈ પટેલ નું સ્વાગત કરી શુભેચ્છાઓ પાઠવી અભિનંદન આપવામાં આવ્યા હતા.



ઘરમાં રહો, સુરક્ષિત રહો

રક્તદાન મહાદાન

# પાલનપુર પશ્ચિમ પોલીસે રાજસ્થાન દુદુ (જયપુર) પો.સ્ટે.માં ચોરાયેલ બાઈક સાથે એક શખ્સને દબોચી લીધો



પાલનપુર, તા. ૯

બનાસકાંઠા પાલનપુરના પોલીસ અધિક્ષક તરૂણ દુગ્ગલ ,ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક આર.કે પટેલ પાલનપુર વિભાગ દ્વારા વાહન ચોરીના અનડીટેકટ ગુના શોધી કાઢવા તથા ગુનાઓ બનતા અટકાવવા અંગે આપેલ સુચના અન્વયે પીઆઈ એસ. એ. ડાભીના માર્ગ દર્શન હેઠળ રવિવારે ચંદ્રકુમાર, હરેશદાન, યોગેશદાન પ્રકાશકુમાર,સતદેવસિંહ, ભાગ્યલક્ષ્મીબા વગેરે પોલીસ સ્ટાફના માણસો પાલનપુર શહેર પશ્ચિમ પો.સ્ટે. વિસ્તારમાં મિલ્કત સંબંધી ગુના અટકાવવા સારૂ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન આર.ટી.ઓ સર્કલ ખાતે એક શખ્સ અનીલકુમાર ઈંદ્રજાત જાતે-યોગી (જોગી) રહે- પાલનપુર પ્રકાશનગર અશોકભાઈ પટણી ના મકાનમાં મુળ રહે-સકતપુરા, જોગીઓના મહોલ્લા તા.શાહપુરા જી-જયપુર (રાજસ્થાન) પો.સ્ટે મનોહરપુર વાળાની પાસેથી ચોરીનુ બાઈક કિં.રૂ.૩૦,૦૦૦ નુ ગણી કબ્જે કરી એક શખ્સની અટક કરી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે.

# પ્રાંતિજ ખાતે દિલ્લીમાં શર્મશાર દુષ્કર્મની ઘટનાને લઈને કેન્ડલ માર્ચ યોજાઈ

પ્રાંતિજ તા.૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વાલ્મીકી ઋષિ સમાજ દ્વારા દિલ્હીમાં ફરી શર્મશાર દુષ્કર્મની ધટનાને લઈ ને કેન્ડલ માર્ચ યોજી આરોપીઓને ફાંસી ની સજા થાય તેવી માંગ સાથે કેન્ડલ માર્ચ દ્વારા બાળકી ને શ્રધ્ધાંજલી અર્પી હતી. પ્રાંતિજ ગલેચી ભાગોળ વિસ્તાર મા રહેતા વાલ્મીકી ઋષિ સમાજ દ્વારા ઋષિ મંદિર ખાતે એકત્રિત થયા હતા અને દિલ્હીમાં છાવણી પાસે



જૂના નાગલામાં એક સ્મશાનમાં ૯ વર્ષ ની બાળકી પર ગેંગરેપ કરી હત્યા કરનાર આરોપીઓએ પુરાવાનો નાશ કરવા તથા પરિવાર ની મંજુરી વિના બાળકીના અંતિમ સંસ્કાર કરી તમામે-તમામ પુરાવા નો નાશ કરવાની ધટના બાદ સમગ્ર દેશ માં આ ૯ વર્ષ ની બાળકી ને ન્યાય મળે તેના માતાપિતાને ન્યાય મળે કેન્ડલ માર્ચ નુ આયોજન કરવામા આવ્યુ હતુ અને રવિવાર ના દિવસે સાંજે વાલ્મીકી ઋષિ સમાજ ના લોકો આપમેળે ઉપસ્થિત રહીને આરોપીઓને ફાંસી ની સજા થાય તે માટે કેન્ડલ માર્ચ યોજી બાળકી ને શ્રધ્ધાંજલી આપી હતી જેમા નગરપાલિકા ના પૂર્વ પ્રમુખ ભરતભાઈ સોલંકી, દર્શનભાઈ ગોહિલ, જીતુભાઈ ચૌહાણ, રાજેશભાઈ, મેહુલ ચૌહાણ સમાજ ના લોકો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા.

# ધનસુરાના પ્રસિદ્ધ ગઢીમાતાના મંદિરે શ્રાવણ માસમાં ૪.૫૦ લાખ પાર્થિવ શિવલિંગનું નિર્માણ અને પૂજન કરાશે

## બે દિવસ માં ૧૭૦૦૦ જેટલા પાર્થિવ શિવલિંગનું નિર્માણ કરવામાં આવ્યું

ધનસુરા, તા. ૯

ધનસુરાના પ્રસિદ્ધ ગઢીમાતા ના મંદિરે શ્રાવણ માસમાં ૪.૫૦ લાખ પાર્થિવ શિવલિંગ નું નિર્માણ અને પૂજન કરાશે મહામંડલેશ્વર પુરણશરણદાસજી મહારાજ દ્વારા સર્વે ભક્તો ની મનોકામના પૂર્ણ થાય આ સંકલ્પ સાથે ૪.૫૦ લાખ પાર્થિવ શિવલિંગનું નિર્માણ કરવામાં આવશે બે દિવસ માં ૧૭૦૦૦ જેટલા પાર્થિવ શિવલિંગ નું નિર્માણ કરવામાં આવ્યું છે હવે શ્રાવણ માસમાં ૩.૨૫ લાખ પાર્થિવ શિવલિંગનું નિર્માણ અને પૂજન કરવામાં આવશે અને સોમવતી અમાસના દિવસે ૧.૨૫ લાખ પાર્થિવ શિવલિંગનું નિર્માણ કરવામાં આવશે અને સાથે પૂજન પણ કરવામાં આવશે આ પવિત્ર શ્રાવણ માસમાં ગઢી માતાજીના





મંદિરે ૪,૫૦૦૦૦ પાર્થિવ શિવલિંગનું નિર્માણ અને પૂજન કરવામાં આવશે હાલ ભક્તો મોટી સંખ્યામાં ગઢી માતાજીના મંદિરે આવી રહ્યા છે અને પાર્થિવ શિવલિંગનું નિર્માણ કરી રહ્યા છે સાથે પૂજન પણ કરવામાં આવે છે રામજી મંદિરના મહંત મહામંડલેશ્વર પુરણશરણ દાસજી મહારાજ દ્વારા સર્વે ભક્તો ની મનોકામના પૂર્ણ થાય આ સંકલ્પ સાથે શ્રાવણ માસમાં ચાર લાખ પચાસ હજાર પાર્થિવ શિવલિંગનું નિર્માણ કરવામાં આવશે સાથે મંદિર માં આવેલી ગૌશાળામાં ગાયોને ઘાસચારો ખવડાવી ભક્તો પૂણ્ય મેળવી રહ્યા છે શ્રાવણ માસના પ્રથમ દિવસે મહામંડલેશ્વર પુરણશરણ દાસજી મહારાજ,રામશરણ દાસજી, સાબર ડેરીના ડિરેક્ટર કાન્તીભાઈ પટેલ, અમરતભાઈ પ્રજાપતિ, મનહરભાઈ પંચાલ, ભગુભાઈ પટેલ સહિત ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

# યુથ આદિવાસી એકતા સંગઠન દ્વારા વિશ્વ આદિવાસી દિવસ અનોખીની ઉજવણી

## રક્તદાન મહાદાન, રક્ત દાન જીવન દાન સાથે ઉજવણી યોજાઈ

મોડાસા, તા. ૯

અરવલ્લી અને સાબરકાંઠા વિસ્તારના ગરીબ પરીવાર બિમારી ને સંકટ સમયે લોહીની જરુરીયાત ઉભી થાય ત્યારે યુથ આદિવાસી એકતા સંગઠન દ્વારા છેલ્લા ૩ વર્ષમાં ૩૦૦થી વધુ બોટલ લોહીનું દાન કરી લોકો ના જીવ બચાવ્યા છે.ગ્રુપ ના સભ્યો એ બે ત્રણ વખત લોહી આપી ચુક્યા છે ત્યારે ૯ંર ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે સમાજ ના યુવાનો અપીલ કરીને જે યુવાનો લોહી આપવા સક્ષમ હોય તેવા યુવાનો નુ રક્ત દાન મહાદાન રક્ત યોજાવાનું છે આ લોહી જરુરીરાત મંદ આદિવાસી પરીવારને સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે ત્રિમૂર્તિ વોલન્ટરી બ્લડ બેક્કમાં મૂકવામાં આવે છે તેવુ દિપ ગામેતી. રાજ દામા.દ્વારા જણાવ્યું હતું આ પ્રસંગે ભિલોડા વિધાનસભાના ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોશીયારા.એ મુલાકાત લીધી હતી તેમાં રક્ત દાન થી થતા ફાયદાઓ વિશે માહીતિ આપી હતી અને અરવલ્લી જીલ્લા પંચાયત ના પૂવ પ્રમુખ રાજેન્દ્ર પારઘીએ રક્ત દાન કર્યુ હતુ સમાજ વિવિધ યુવા સંગઠનના પ્રતિનિધિઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા